॥ શ્રી ॥

# આત્માનંદ પ્રકાશ

## પુસ્તક ૩ જું

સં. ૧૯૬૧ ના શ્રાવણથી ૧૯૬૨ ના અષાડ સુધી અંક ૧૨.

" सेव्यः सदा श्रीगुरुकल्पवृक्षः "

स्रग्धरावृत्तम्.

भव्यानां भव्यभावं भवजलतरणे भावयन् भावनाभिः
तीव्रैस्तेजः प्रकाशैः कुमतिभिरुदितं तर्जयन्नंधकारम् ।
सोल्लासं तत्त्वबोधं शुचिहृदि जनयन् सद्गुरोर्भक्तिभाजां
आत्मानंदप्रकाशः प्रसरति भुवने वीरभानुप्रभावात् ॥

પ્રગટ કર્ત્તા

શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર.

તંત્રી

મોતીચંદ ઓધવજી શાહ.

વીર સંવત ૨૪૩૨. આત્મ સંવત ૧૦-૧૧.

વાર્ષિક મૂલ્ય રૂ. ૧) પોસ્ટેજ ચાર આના.

ભાવનગર—શ્રી "વિદ્યા વિજય" પ્રિન્ટીંગ પ્રેસમાં

શાહ. પુરૂષોત્તમ ભીખાભાઇએ છાપ્યું.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ॥ वार्षिक अनुक्रमणिका. ॥


| નંબર. | વિષય. | પૃષ્ઠ. |
|---|---|---|
| ૧ | વર્ષારંભે માંગલ્ય સ્તુતિ (પદ્ય) ... ... | ૧. |
| ૨ | ગુરૂસ્તુતિ (પદ્ય) ... ... ... | ૨, ૧૯૩, ૨૬૫. |
| ૩ | નવીન વર્ષારંભ ... ... ... ... | ૪. |
| ૪ | પર્યુષણપર્વ ... ... ... ... ... | ૭. |
| ૫ | જીવનનો ઉદ્દેશ ... ... ... ... | ૧૮. |
| ૬ | અસલ ફકીરી અથવા ખરી નિર્ગ્રંથતા ... | ૨૨, ૩૦ |
| ૭ | વૃત્તાંતસંગ્રહ ... | ૨૪, ૪૫, ૭૧, ૧૪૩, ૨૧૬, ૨૩૯. |
| ૮ | પ્રભુ સ્તુતિ (પદ્ય) | ૨૫, ૪૯, ૯૩, ૯૭, ૧૨૧, ૧૪૬, ૨૧૭. |
| ૯ | કુસુમમાળા [પદ્ય] ... ... ... ... | ૨૯. |
| ૧૦ | ચિંતામણિ ... ... ... | ૨૭, ૭૯, ૧૯૫. |
| ૧૧ | ભવાટવીમાં ભ્રમણતા ... ... ... | ૩૮. |
| ૧૨ | કચ્છી મહોદય ... ... | ૪૦, ૧૩૭, ૧૮૯, ૨૧૩. |
| ૧૩ | સૌથી સરસ માર્ગ ... ... ... ... | ૪૨. |
| ૧૪ | નિઃસ્પૃહીનીવાણી [પદ્ય] ... ... ... | ૫૦. |
| ૧૫ | અભ્યાસનો હેતુ ... ... ... ... | ૫૧. |
| ૧૬ | દીવાળી પર્વ ... ... ... ... | ૫૫. |
| ૧૭ | હિતબોધ ... ... ... ... ... | ૬૮. |
| ૧૮ | વિક્રમનું નવું વર્ષ (પદ્ય) ... ... ... | ૭૪. |
| ૧૯ | ગુણદૃષ્ટિ ... ... ... ... ... | ૭૪. |
| ૨૦ | શારીરિક મહારાજ્ય ... ... ... ... | ૮૭. |
| ૨૧ | જ્ઞાન પંચમી ... ... ... ... | ૯૧. |


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




૨૨ જૈન વિદ્યારંભ સંસ્કાર વિધિ. ... ૯૫, ૧૧૫.
૨૩ કાવ્યચમત્કૃતિ (પદ્ય) ... ... ... ૯૮.
૨૪ સ્ત્રી કેળવણીની આવશ્યકતા ... ... ૧૦૦.
૨૫ દ્વેષાદિદોષ ત્યજવા વિષે ... ... ... ૧૦૬.
૨૬ બ્રહ્મચર્ય પ્રભાવ (નર્મદા સુંદરી) ... ૧૧૨, ૨૦૪.
૨૭ શ્રીવિમલચંદ્ર સુરિ અને પ્રશ્નોત્તર રત્નમાળા ૧૧૭, ૨૫૪
૨૮ સંતુષ્ટ વૃત્તિ (પદ્ય)... ... ... ... ૧૨૧.
૨૯ ગિરનારની ગુફા ... ... ૧૨૪, ૨૨૮, ૨૫૯, ૨૬૬.
૩૦ જૈન સોળ સંસ્કાર ... ૧૩૨, ૧૬૪, ૨૫૦, ૨૮૧.
૩૧ ગ્રંથાવલોકન ... ... ...૧૪૦, ૧૬૪, ૧૬૮.
૩૨ ચોથી જૈન કોન્ફરન્સનું વિજય ગીત ... ૧૪૬, ૧૬૯.
૩૩ યતિ ધર્મ અને શ્રાવક ધર્મનો સંવાદ ... ... ૧૪૮.
૩૪ પાટણમાં મળેલી ચોથી જૈનશ્વેતાંબર કોન્ફરન્સ ૧૭૧.
૩૫ શ્રી મેસાણા પાઠશાળાનો ઇનામનો મેળાવડો ... ૧૯૨.
૩૬ સત્સંગનું ગીત (પદ્ય) ... ... ... ૧૯૪.
૩૭ શ્રાવક સંસાર ... ... ... ... ૨૧૭.
૩૮ શ્રીહીરસૂરિ પ્રબંધ ... ... ૨૧૮, ૨૪૧, ૨૭૧.
૩૯ સૌંદર્ય અને શ્રેષ્ટતા ... ... ... ... ૨૩૩.
૪૦ હૃદય બોધ. ... ... ... ... ૨૭૬.
૪૧ આત્માનું કિંચિત્ સ્વરૂપ. ... ... ... ૨૮૬.


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# આત્માનંદ પ્રકાશ

દોહરો.

આત્મવૃત્તિ નિર્મલ કરે, આપે તત્વ વિકાશ;
આત્માને આરામ દે, આત્માનંદ પ્રકાશ.

પુસ્તક ૩ જું. વિક્રમ સંવત્ ૧૯૬૧—શ્રાવણ. અંક ૧ લો.

## વર્ષારંભે માંગલ્ય સ્તુતિ.

### शार्दूलविक्रीडितम्.

* धर्मं धारयते गुणैर्विलसते कारुण्यमातन्वते
कर्मच्छेदयते व्रतानि दधते प्रोत्कुर्वते निर्जराम्
भव्यान् तारयते भवं दलयते भामंडलं बिभ्रते
मिथ्यात्वं हरते शिवं वितरते वीराय तुभ्यं नमः ॥ १ ॥

* ધર્મને ધારણ કરતા, ગુણોથી વિલાસ કરતા, કરૂણા વિસ્તારતા કર્મને છેદન કરતા, વ્રતોને ધારણ કરતા, નિર્જરા આચરતા, ભવિજનને તારતા, સંસારને તોડીનાખતા, ભામંડલને ધારણ કરતા, મિથ્યાત્વને હરીલેતા અને શિવ ( મોક્ષ ) ને આપતા હે શ્રી મહાવીર ભગવંત ! તમને નમસ્કાર હો. ૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## હરિગીત.

વિશ્વેશ[1] વંદન આચરી સેવો સદા જિન ચરણને,
ઉચ્ચારી મંગલ નામ તેનું સઘ સાધો શરણને;
કરી કર્મ કર્દમ[2] દૂરને સમ્યકત્વ ધારો સ્વરસથી[3]
આ નવિન મંગલ વર્ષમાં અતિ હર્ષ હો ઉત્કર્ષથી. ૧.
ભવિવૃંદ ધરજો ધ્યાન હૃદયે પંચ પરમેષ્ટી તણું,
સુખકાર સામાયિક કરજો ધારી આત્મિક બલ ઘણું;
ભવ વાસનાને દૂર કરજો વેગથી તે વિરસથી,[4]
આ નવિન મંગલ વર્ષમાં અતિ હર્ષ હો ઉત્કર્ષથી. ૨.
આ નવિન મંગલ વાદ્ય વાગો નવિન વર્ષે નાથના[5]
આનંદથી ઉત્કર્ષ થાઓ, સર્વ શ્રાવક સાથના;
સૌ અંતરાય અરિષ્ટ સઘળાં પ્રલય થાઓ સ્પર્શથી,
આ નવિન મંગલ વર્ષમાં અતિ હર્ષ હો ઉત્કર્ષથી. ૩.
આનંદ વાધો જ્ઞાનનો આનંદ હો જિન નામનો,
આનંદ પ્રસરો પ્રેમનો, આનંદ રાજો[6] રહેમનો[7];
આનંદ આત્માનંદમાં તે સર્વ આવો સરસથી,
આ નવિન મંગલ વર્ષમાં અતિ હર્ષ હો ઉત્કર્ષથી. ૪.

## ગુરૂસ્તુતિ.

### માલિની.

જિનમત ઉપકારો, ભારતે નિત્ય કીધા,

---

૧ વિશ્વના પતિ શ્રી તીર્થંકર ભગવંતને. ૨ કર્મ રૂપી કાદવ ૩ પોતાના રસથી. ૪ રસના અભાવથી, ૫ શ્રી જિન ભગવંતના. ૬ શોભો. ૭ દયાનો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મુદથી[1] ભવિજનોને, દેશનાદાન દીધા;
શિવપદ અધિકારી, તે વસ્યા સ્વર્ગસદ્મે,[2]
મન મધુકર[3] થાજો, તે ગુરૂ પાદપદ્મે.[4] ૧
વિષમ[5] કરી વિહારો ક્ષેત્ર સર્વે ઉધાર્યા[6]
વિરચી વિપુલ[7] ગ્રંથો જૈનતત્વો પ્રસાર્યા;
મુનિજન શુભ[8] ધર્મો સૌ પ્રકાશ્યા અછદ્મે[9],
મન મધુકર થાજો તે ગુરૂ પાદ પદ્મે. ૨

## શાર્દૂલવિક્રીડિત.

જેણે શુદ્ધ ચરિત્રથી જન ઘણાં ચારિત્ર ધારી કર્યા,
મિથ્યાત્વી જન જે થકી થઈ ઘણાં માર્ગાનુસારી તર્યા;
જેનો શ્રી પરીવાર હાલ વિચરે સદ્બોધ આપે ઊરૂ;[10]
તે આરામ[11] કરો નવીન વર્ષે આત્મા વિષે શ્રી ગુરૂ. ૩.

## માલિની.

કમલ સર[12] વિકાશે; દીપ હર્મ્યે[13] પ્રકાશે;
તરૂણિ[14] નભ ઉજાસે, સન્મુનિ[15] ક્ષેત્ર ભાસે;
મણિ વપુષિ[16] વિલાસે, ચૈત્ય[17] દેવે ઉલાસે;
ભવિક હૃદય આત્માનંદ સાથે પ્રકાશે. ૧

૧ હર્ષથી. ૨ સ્વર્ગના સ્થાનમાં. ૩ ભમરા રૂપ થાજો. ૪ ગુરૂના ચરણ રૂપ કમલમાં. ૫ કષ્ટ ભરેલા-પરીષહવાલા. ૬ ક્ષેત્રોનો ઉદ્ધાર કર્યો. ૭ ઘણાં મોટા ગ્રંથો. ૮ મુનિઓના ચારિત્ર ધર્મો. ૯ નિષ્કપટપણે. ૧૦ ઘણો. ૧૧ શ્રીઆત્મારામજી ગુરૂ. ૧૨ સરોવરમાં જેમ કમલ વિકાશે. ૧૩ હવેલીમાં જેમ દીવો પ્રકાશે. ૧૪ આકાશમાં જેમ સૂર્ય ઉજાસ આપે. ૧૫ ઉત્તમ મુનિઓથી જેમ ક્ષેત્ર પ્રકાશે. ૧૬ શરીરમાં જેમ મણિ પ્રકાશે ૧૭ દેવતાથી જેમ જિન ચૈત્ય પ્રકાશે તેમ આત્માનંદ પ્રકાશ ભવિ જનના હૃદયમાં પ્રકાશે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ગ્રાહકોને આશીર્વચન.

## ગીતિ.

આત્માનંદ વધાવો, ભવિકજનોના હૃદય તત્ર[૧] ધાવો,[૨]
લ્યો માનવ ભવ લાવો, ગુરૂ ભક્તિભાવના સદા ભાવો. ૧.
અભિનવ વર્ષે હર્ષે, ગ્રાહક થાઓ સુબોધ ઉત્કર્ષે,
આત્માનંદ પ્રકાશે, નિત્ય પ્રકાશો વિઘ્ન સર્વ નાશે. ૨.

## નવીન વર્ષારંભ.

આજના મંગલમય દિવસે આત્માનંદ પ્રકાશ પોતાના ત્રીજા વર્ષમાં પ્રવેશ કરેછે. ગુરૂ ભક્તિ અને ગુરૂ નામથી અલંકૃત એવા તેના બે વર્ષના બાલ સ્વરૂપને અવલોકી જેમ સજ્જન ગ્રાહકોને અપૂર્વ આત્માનંદ, ગુરૂ ભક્તિ યુક્તજ્ઞાન, સદ્બોધ તથા શાંતિ પ્રાપ્ત થયાછે, તેમ આ તેના ત્રીજા વર્ષના સ્વરૂપને પણ અવલોકી તેઓ અપ્રતિમ આનંદ, ગુરૂ ભક્તિ યુક્ત જ્ઞાન, સદ્બોધ તથા શાંતિ અનુભવશે, એ નિઃસંશય છે. આ બે વર્ષનું લઘુ બાલક ગુરૂભક્તિ રૂપ લાલન પ્રાપ્ત કરી પોતાના શ્રદ્ધાલુ શ્રાવક ગ્રાહકોના શારીરિક માનસિક અને વ્યવહારિક દુઃખો જેથી નિવૃત્ત થાય અને ધર્મ, વિનય, સહનશીલતા, ચાતુર્ય તથા ગુરૂ ભક્તિની વાસના ઇત્યાદિ સર્વોત્કૃષ્ટ ગુણો પ્રાપ્ત થાય તેવા સુબોધક વિષયો આપી આજ સુધી કૃતાર્થ થયુંછે, તેમ હવે પછી પણ થશે, એટલુંજ નહિ પણ ગતવર્ષ કરતાં અધિક સત્તર થશે. એમ થાય તેમાં કાંઇ આશ્ચર્ય

૧ તે આત્માનંદમાં. ૨ દોડો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નથી; કારણ કે, આ આત્માનંદ પ્રકાશ રૂપ બાલતરણિ શ્રી આત્મારામજી જૈન પુસ્તકાલય રૂપ ઉદયગિરિમાંથી ઉદિત થઓછે. તે ઉદયગિરિના પ્રભાવને લઇ તેમાંથી ગુરૂભક્તિમય તેજસ્વી કિરણોનો પ્રતાપ પ્રતિદિન વધતો જતો અનુભવમાં આવે એ સ્વાભાવિક છે. શું સૂર્ય ક્ષિતિજમાંથી જેમ જેમ ઉંચો આવતો જાયછે તેમ તેમ અધિક પ્રકાશને તથા પ્રતાપને નથી આપતો ?

જે કાલે મેઘ વૃષ્ટિથી વિવિધ વનસ્પતીઓના ઉદ્દ્ભવકે ભારત ભૂમિ નીલવર્ણી સાડી ઓઢીને સુભિક્ષરૂપ શ્રૃંગાર ધારણ કરેછે; જે કાલે વિહારશીલ મુનિઓના ચાતુર્માસ્ય નિવાસથી ઘણાં પવિત્ર ક્ષેત્રો અલંકૃત થાયછે અને જે કાલે પર્યુષણ પર્વની આરાધનાના દિવસો સાનિધ્ય હોવાથી શ્રાવક સમુદાયના ધાર્મિક પરિણામ વધતા હોયછે, તે કાલે આ આત્માનંદ પ્રકાશ પોતાનો વર્ષારંભ કરેછે, એ તેની ભાવિ ઊન્નતિના શુભચિન્હો છે.

જેમ અંધકારમય નિશામાં દીપકનો પ્રકાશ જેજે સ્થાને થાયછે તે તે સ્થાનને તે અંધકારથી રહિત કરી પ્રકાશથી સુશોભિત કરેછે, તેમ આત્માનંદ પ્રકાશ જ્યાં જ્યાં જાયછે, ત્યાં ત્યાં તે મલિન વિચારો રૂપ અંધકારને દૂર કરી, સદ્બોધ અને ગુરૂભક્તિનો પ્રકાશ આપી ભવિ મનુષ્યોના હૃદયને અત્યંત શોભાવાલા કરેછે. તેના પ્રત્યેક અંકમાં આવતા વિષયો નિષ્પક્ષપાતપણે મનન કરનારને સાંસારિક આધિ ઉપાધિમાંથી તત્કાલ મુક્ત કરે છે.

આત્માનંદ પ્રકાશનો, તેના વાંચકોને તેમની ધાર્મિક અને સાંસારિક ઊન્નતિ સાથે ગુરૂભક્તિનું ભાન કરાવવાનો પ્રધાન ઉદ્દેશ છે. ગુરૂભક્તિ એ ધાર્મિક ઉન્નતિનું શિખર છે, અને એ શિખર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉપર આરૂઢ થઇ આત્માનંદનો અનુભવ કરવા, પોતાના વાંચકોને તે આમંત્રણ કરેછે. પ્રત્યેક ભવિ શ્રાવક આર્હત ધર્મનો અધિકારી છે, પરંતુ મિથ્યાત્વના મલિન સંસર્ગથી તેમજ જ્ઞાનાવરણીય કર્મના અંધકારથી તે પોતાના આત્મિક આનંદના માર્ગને જોઈ શકતો નથી, તેવા ભવિક શ્રાવકનો મિથ્યાત્વનો મલિન સંસર્ગ તથા જ્ઞાનાવરણીય કર્મનું અંધકાર જે પ્રકારે ટલી જાય, અને આત્મિક આનંદનો માર્ગ પ્રકાશિત થાય તે પ્રકારને આત્માનંદ પ્રકાશ અસંખ્ય યુક્તિથી સર્વદા વર્ણવ્યા કરેછે અને કરશે.

ગતવર્ષમાં આત્માનંદ પ્રકાશરૂપ પુષ્પોદ્યાનમાં પ્રગટ થયેલા વિષયરૂપ પુષ્પોએ પોતાના સુગંધનો સારો પ્રસાર કરેલો છે અને સાધારણ અને અસાધારણ બુદ્ધિના લોકોમાં ધાર્મિક અને સાંસારિક ઉન્નતિના જ્ઞાનની મહાન્ જ્યોતિ જગાવી છે. લોકો જોઈએ તેવી તેની પ્રશંસાના અભિનંદન પત્રોના લેખ લખી વધાવી ચુકયા છે; તેથી આત્માનંદ પ્રકાશ પોતાને ગુરૂભક્તિના ફલથી પૂર્ણ રીતે કૃતાર્થ માનેછે.

જેઓનું મનન કરવાથી વાચકનું મન પ્રશસ્ત થાય છે, અને હૃદયમાં જે ભ્રાંતિઓ હોય છે, તે નીકળી જાય છે, તેવા ધાર્મિક વિષયોનું યથાર્થ વિવેચન તથા નિર્દોષ ઘટનાઓથી ભરપૂર એવી કલ્પનાઓ વાળી કથાઓ આપી આત્માનંદ પ્રકાશે બીજા વર્ષની સમાપ્તિ કરી છે, તથાપિ તેને તે વર્ષમાં એક મોટી હાનિ થઇછે, કે જે હાનિને તે કદિ પણ ભુલી શકે તેમ નથી. પોતાનો મૂળ ઉત્પાદક, પોષક અને સહાયકારી શ્રાવકવીર વકીલ મૂલચંદ નથુભાઇના અચાનક વિયોગે તે બે વર્ષના બાલકને શોકાત્મક શબ્દોના ઉદ્ગાર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રૂપ અશ્રુપાત કરવો પડયો હતો, એજ મોટી હાનિ.

ઉપકારી મુનિઓએ વિદ્વાનોએ અને સખી ગૃહસ્થોએ લેખ અને દ્રવ્યથી જે જે સહાય આપી છે, તેનો ઉપકાર માની અમે ભવિષ્યમાં તેવી સહાયની આશા રાખી આત્માનંદ પ્રકાશ પૂર્ણ ચરિતાર્થ થાય છે અને પોતાના લેખાત્મક સ્વરૂપમાં જે કાંઇ ભુલ થઇ હોય તેને માટે મિથ્યાદુષ્કૃત વદેછે. આત્માનંદ પ્રકાશના વાંચકો શ્રીવીરપ્રભુના શાસનનો ઉત્કર્ષ અમે સાધર્મિ બંધુઓની સર્વ પ્રકારની ઊન્નતિ જોવાને જે યુક્તિથી સમર્થ થાય, તે યુક્તિને આ વર્તમાન વર્ષના અંકોમાં વર્ણન કરવાનું સામર્થ્ય, અમોને સર્વદા અધિક અધિક પ્રાપ્ત થાઓ, એવી શાસન દેવતાની પાસે યાચનાપૂર્વક પ્રાર્થના કરી અમે અમારા શુદ્ધ કર્ત્તવ્યમાં જોડાઈએ છીએ.

## પર્યુષણ પર્વ.

સર્વ પર્વ શિરોમણિ આ પવિત્ર પર્વનો સમય વર્ષાઋતુમાં આવે છે. એ પવિત્ર સમય ભારત વર્ષની સમગ્ર જૈન પ્રજાને પૂર્ણ આનંદનો સમય છે. એ સમયનું સ્મરણ કરવાથી પણ તત્કાલ પવિત્ર થવાય છે. આ પર્વના આરાધકો તે સમયની રાહ આખા વર્ષ સુધી જુવે છે. આખા વર્ષમાં આવો પવિત્ર અને સુંદર પ્રસંગ એક પણ નથી. વર્ષાઋતુનો મધ્ય ભાગ હોવાથી ભૂમિ પ્રફુલ્લિત થઇ રહે છે. વર્ષાના જલ પ્રત્યેક સ્થાને ગામમાં અને જંગલમાં આલિંગન કરી રહે છે. સરિતા, સરોવર, કુવા અને વાવ આસ્તિક શ્રાવકોના હૃદય આનંદથી જેમ ઉભરાય તેમ જલથી ઉભરાય છે. વનભૂમિમાં સર્વ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વૃક્ષ તેજોમય થાય છે. કૃષિકારને આનંદ આપનારા ક્ષેત્રો ધાન્યના છોડથી ભરાઇ ગયા હોય છે, સર્વ પ્રદેશોએ નીલવર્ણી પરિધાન પેહેર્યાં હોય છે. જિન ચૈત્યની વાટિકાઓ પ્રભુની પૂજા માટે પુષ્પોના ઉપહાર આપવા તત્પર બનેલી હોય છે. આ સમયે જૈન પ્રજાઓના પરિણામને પૂર્ણ યૌવન પ્રાપ્ત થાય છે, આબાલ વૃદ્ધ શ્રાવકોમાં કેટલો આનંદ, કેટલી ધામધૂમ, કેવો ધાર્મિક અવસર અને કેવો ધર્મનો ઉદ્યોત! દિવસ અને રાત્રિ આનંદ ઉત્સવમાંજ પસાર થાય છે. પ્રભુની પવિત્ર પ્રતિમાઓને અભિનવ દિવ્ય આંગીઓ રચવામાં આવે છે. અઠ્ઠાઈ પ્રમુખ ઉત્સવોનો પ્રકાશ થાય છે. જિન ચૈત્યમાં પૂજાના ઉપહાર નિમિત્તે મૃદંગ, વીણા અને બીજા મધુર વાદ્યોના સંગીતનો પ્રવાહ શ્રવણેંદ્રિયને તૃપ્ત કરે છે. અને ભવિકના હૃદયમાં અનેક ભાવનાઓને જાગૃત કરે છે. બાલક, બાલિકાઓ નવાં વસ્ત્ર પેહેરી પ્રભુની પ્રતિમાના દર્શન કરવા જાયછે. "આજ કુંભ સ્થાપના છે, આજે અષ્ટ પ્રકારી પૂજાછે, કાલે વરઘોડો છે," ઈત્યાદિ નવનવો વાર્ત્તાલાપ પ્રવર્ત્તે છે. આ પવિત્ર પર્વને પ્રસંગે સર્વ જૈનોના હૃદયમાં આનંદ પ્રવાહ ચાલી રહે છે. સર્વે સાંસારિક સુખ દુઃખને ભૂલી જાય છે.

આવા આનંદદાયી પર્યુષણપર્વને પ્રથમ દિવસે બે પ્રૌઢ શ્રાવિકાઓ જિન પ્રતિમાના દર્શન કરવા જતી હતી. પર્વના પવિત્ર સમયને સૂચવનાર ચૈત્યગૃહમાં માંગલ્ય વાદ્ય વાગતા હતા. સ્નાત્રના પવિત્ર મંત્રોના ધ્વનિ થતા હતા. આ સમયે તે બંને શ્રાવિકાઓ ચૈત્યમાં જઇ પવિત્ર ભાવનાથી પ્રતિમાના દર્શન કરી બાહેર આવી જિનાલયના દ્વાર આગલ આવી વિશ્રામ લેવા બેઠી. તેઓ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉત્તમ શ્રાવક કુલની ગૃહિણી હતી તેઓમાં એકનું નામ **આનંદા** હતું અને બીજીનું નામ **પ્રસન્ના** હતું. **આનંદા** આર્હત ધર્મ શાસ્ત્રમાં કુશલ, બુદ્ધિ મતી, અને શ્રાવકાચારની જ્ઞાતા હતી. પ્રસન્ના અલ્પ બુદ્ધિવાળી, ધર્મશાસ્ત્રથી અજ્ઞાત અને મુગ્ધ હૃદયની હતી. **પ્રસન્ના**નો સ્વભાવ શાંત હતો. પોતે ધાર્મિક જ્ઞાન ધરાવતી ન હતી. પણ સ્વબુદ્ધિ પ્રમાણે ધર્મની જિજ્ઞાસા રાખતી હતી.

આ બંને શ્રાવિકાઓ કાંઈપણ સંબંધી ન હતી માત્ર તેઓમાં પરસ્પર સાધર્મી ભાવ હતો. આજે દૈવયોગે તેઓનો સંયોગ આ પ્રસંગે થઇ ગયો હતો.

**પ્રસન્ના**—જિજ્ઞાસા કરી બોલી–બેન **આનંદા**, આજથી પજોસણ શરૂ થયા પણ તેનો મોટા વરઘોડાનો, મહાવીર જન્મનો, અને જલયાત્રાનો પ્રસંગ કયે દિવસે છે? તે આપ જણાવશો?

**આનંદા**–હાસ્ય કરી બોલી–પ્રસન્ના, તે જાણવાની તારે શી જરૂર છે?

**પ્રસન્ના**—બેન, તે દિવસે શ્રાવિકાઓએ નવીન પોશાક પેહેરવો જોઇએ. તો મારે માટે મારા પતિએ એક સાડી તૈયાર કરવા આપી છે. તો હું તે દિવસે સત્વર તૈયાર કરાવા પતિને પ્રેરણા કર્યા કરૂં. કેટલાએક પ્રમાદી પુરૂષો સ્ત્રીઓની ઈચ્છા પૂર્ણ કરવામાં વિલંબ કરે છે, તેવા પુરૂષોને સ્ત્રીઓએ સતાવવા જોઇએ.

**આનંદા**—આશ્ચર્ય પામી બોલી—પ્રસન્ના, તને જો દુઃખ ન લાગે તો હું કહું, શ્રાવિકાઓના ધર્મ અને પર્યુષણ પર્વનું કર્ત્તવ્ય તારા જાણવામાં બીલકુલ નથી એમ કહેવાની મને હિંમત આવેછે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**પ્રસન્ના**—બેન, તારા કહેવાથી મને બીલકુલ દુઃખ નહીં લાગે, ખુશીથી કહેવાનું હોય તે કહીદે. હું શ્રાવિકા ધર્મથી તદન અજ્ઞાત છું અને પર્યુષણ પર્વનું કર્ત્તવ્ય બીલકુલ જાણતી નથી.

**આનંદા**—મુગ્ધ હૃદયા ? કેટલાએક અજ્ઞાની શ્રાવક અને શ્રાવિકાઓ આ પરમ પવિત્ર પર્યુષણપર્વના કર્ત્તવ્યથી તદન વિમુખ હોયછે. વિવિધ જાતના સુંદર પોશાક પેહેરી જ્યાં ત્યાં ભ્રમણ કરવું અનેક જાતની રમતો જેવી કે સોગઠાબાજી, ગંજીફા, જાત જાતના જુગાર વિગેરેમાં ભાગ લેવો અને સર્વ ધાર્મિક કૃત્યમાં ઉપેક્ષા કરવી આવા અનુચિત કર્ત્તવ્યમાં તેઓ સર્વદા તત્પર રહેછે. અલ્પમતિ શ્રાવિકાઓ, દ્રવ્ય શ્રંગારને માટે પોતાના પતિને પજવેછે. ગૃહસંપત્તિ હોય કે ન હોય પણ અજ્ઞાની અબલાઓ આગ્રહથી પોતાના ગરીબ પતિને નાહક ખર્ચના બોજામાં નાંખેછે. ધર્મ ભાવનાને ભુલી જઇ સાંસારિક પ્રવૃત્તિઓમાં પડેછે. ધનાઢ્ય સ્રીઓનું અનુકરણ કરવાને પતિ આગલ ઉપાલંભ ભરેલા વચનો બોલેછે.—પ્રિયબેન, એવી સ્રીઓ તદન ધર્મ વિમુખ છે, એટલુંજ નહિ પણ પર્યુષણ જેવા પર્વમાં પુણ્યને બદલે અનેક જાતના પાપકર્મ બાંધેછે.

આનંદાના આવા વચન સાંભલી પ્રસન્ના ક્ષણવાર વિચારમાં પડી. અને હૃદયમાં પશ્ચાત્તાપ કરતી તે મૃદુસ્વરે બોલી—પ્રિયબેન આનંદા, તમારા કહેવા પ્રમાણે આ પવિત્ર પર્વનો લાભ હું લઇ શકતી નથી હું દ્રવ્ય શ્રંગાર ધારણ કરવા પતિને પજવનારી અધમ શ્રાવિકા છું પર્યુષણ પર્વનો પવિત્ર મહિમા અને તેમાં કરવા યોગ્ય કર્ત્તવ્ય હું તદન જાણતી નથી આજ સુધી એ મહા પર્વમાં પાપાનુબંધી પાપ કર્મજ મેં બાંધેલા છે. મારો ગૃહસ્થાવાસ સાધારણ છે;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તે છતાં મેં મારા ગરીબ પતિને અતિશે પજવ્યા છે, અને તેમને મહા દુઃખ આપ્યું છે. પ્રિયબેન, કૃપા કરી હવે મને પર્યુષણ પર્વનું કર્ત્તવ્ય સમજાવો. હું તમારો ઉપકાર માનીશ.

**આનંદા**—બેન, પ્રસન્ના, હવે અફશોષ કરશો નહીં જ્યારથી સમજ્યા ત્યારથી સવાર. તમે આવો પશ્ચાત્તાપ કરી તે પર્વના કર્ત્તવ્યની જિજ્ઞાસા બતાવી, તે તમારા પુણ્યોદયને સૂચવેછે. તમારૂં હૃદય ભવ્ય છે, ધાર્મિક જિજ્ઞાસાથી ભરપૂર છે, અને સંપૂર્ણ રીતે ભદ્રિક છે. શ્રાવક અને શ્રાવિકાએ પર્યુષણ પર્વમાં શું કરવું જોઇએ ? અને એ મહા પર્વની આરાધનાથી કેવો લાભ થાયછે ? તે સાવધાન થઈ સાંભલ.

શ્રાવણ માસના કૃષ્ણપક્ષની દ્વાદશીથી તે ભાદ્રપદ માસના શુકલ પક્ષની ચતુર્થી સુધી એ આઠ દિવસ **પર્યુષણપર્વ** સંબંધી કહેવાયછે. **પર્યુષણ** એ શબ્દનો અર્થ એવો છે કે **પરિ** એટલે સર્વ રીતે **ઉષણ** એટલે વસવું અર્થાત્ સર્વ જીવોને અભયદાન, સર્વ ચૈત્ય દર્શન, અઠમતપ, સર્વ પ્રાણી સાથે ક્ષમાપન અને સ્વામિવાત્સલ્ય વિગેરે કર્ત્તવ્ય કરવા નિમિત્ત સાથે રહેવું તે પર્યુષણ કહેવાયછે. આ મહાપર્વમાં જૈન વર્ગે મુખ્ય રીતે પાંચ કૃત્ય તન, મન, ધનથી કરવાના છે અને પાંચ કૃત્યમાં શ્રાવક વર્ગની સર્વ પ્રકારની ધર્મ કરણીનો સમાવેશ થઈ જાયછે.

**પ્રસન્ના**—બેન, તે પાંચ કૃત્ય કયા? તે સર્વદા સ્મરણ રહે તેવા પ્રકારથી જણાવો.

**આનંદા**—બેન, નીચેનું એકજ ગુજરાતી કાવ્ય કંઠસ્થ કરી સદા સ્મરણમાં રાખ—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## શાર્દૂલવિક્રીડિત.

જંતુ નિર્ભયદાન સર્વ જનને પ્રીતે ખમાવા કરે,
ચૈત્યોની પરિપાટિ ને સધરમી વાત્સલ્યને આચરે;
ભાવે અષ્ટમ આદરે મન વચઃ કાયાથકી ઇષ્ટ જે,
એ પર્યુંષણ પર્વની શિવકરી આરાધના શ્રેષ્ટ તે. ૧

૧ સર્વ પ્રાણીઓને **અભયદાન** આપવા રૂપ **અમર** પલાવવો.

૨ સર્વ પ્રાણીઓની સાથે ખમત ખામણા કરવા.

૩ ચૈત્ય પરિપાટિ એટલે સર્વ જિનમંદિરોના દર્શન કરવા.

૪ સાધર્મિવાત્સલ્ય—સાધર્મી બંધુઓનું ઉત્તમપ્રકારે વાત્સલ્ય કરવું.

૫ અષ્ટમતપ—અઠ્ઠમનો તપ કરવો.

આ પાંચ કૃત્ય સર્વ ધાર્મિક ક્રિયાના સારભૂત છે. તેઓમાં પ્રથમ કૃત્ય જૈન ધર્મનો પવિત્ર સિદ્ધાંત જે દયા ધર્મ, તેની પુષ્ટિને માટે છે; જે **અમર** અથવા **અમારી**ના નામથી પ્રખ્યાત છે. અમર પલાવવો એટલે તન, મન, ધનથી સર્વ જીવને અભયદાન આપવાનો પ્રયત્ન કરવો. ભારતવર્ષમાં સર્વે ધર્મની ભાવનાઓમાં જૈન ધર્મની પ્રખ્યાતિ પ્રાણીઓને અભયદાન આપવાથીછે. પર્યુષણપર્વમાં તે અભયદાન અદ્યાપિ ભારતવર્ષના જૈનો તરફથી અપાયછે. સૂત્રકૃતાંગમાં અભયદાનને માટે સૂચવ્યું છે " **दाणाण सिट्ठं अभयं पहाणामिति** " " દાનને વિષે અભયદાન શ્રેષ્ટ અને પ્રધાન છે. "

**પ્રસન્ના**— પ્રિયબેન, તે અભયદાનના ફલ વિષે કાંઇ પણ દ્રષ્ટાંત હોય તો જણાવો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આનંદા—તેના દ્રષ્ટાંતની કથાઓ ઘણી છે. મેં ઉપાશ્રયમાં ઘણીવાર ગુરૂ મુખે સાંભલી છે. પ્રસંગે તને વિસ્તારથી કહીશ. બેન પ્રસન્ના, તે અભયદાન વસંતપુરના રાજા અરિદમનની અણમાનીતી રાણી દુર્ભગાએ કર્યું હતું. દુર્ભગા રાજાને અપ્રિય હતી પણ એ મહાદાનના પ્રભાવથી પ્રિય થઈ પડી હતી. તે દયાલુરાજ શ્રાવિકાએ દેહાંત દંડની શિક્ષાને પ્રાપ્ત થયેલા એક ચોર છોડાવ્યો હતો તેવા અપરાધીને પણ અભયદાન આપી એ મહારાણીએ અત્યંત પુણ્ય ઉપાર્જન કર્યું હતું. તેવું અભયદાન આ પર્યુષણ પર્વમાં કરવું એજ શ્રાવક અને શ્રાવિકાનું કર્ત્તવ્ય છે, કાંઇ શ્રંગાર ધારણ કરી આમતેમ લક્ષ્મીના મદમાં ફરવું તે યોગ્ય નથી.

બીજું કૃત્ય સર્વ મનુષ્યોની સાથે ખમત ખામણા કરવા એછે. શ્રી જિન ધર્મ વિનય મૂલ છે અને ક્ષમા માગવી એ વિનયનું સ્વરૂપ છે. આ કૃત્યથી આત્માની ખરેખરી શુદ્ધિ થાયછે. સંવત્સરી પ્રતિક્રમણની શુદ્ધિ સંપાદન કરવા ક્ષમાપન ક્રિયાની જરૂર છે. પરસ્પર ખમત ખામણા કરવા એટલે સર્વે જીવોને ખમાવવા, તે સિવાય સંવત્સરી પ્રતિક્રમણનો હેતુ સચવાતો નથી. એ મહાક્રિયા કરવાથી આખા વર્ષમાં થયેલા સર્વ પ્રકારના પાપનું આલોચન થાયછે. તે મન, વચન અને કાયા એમ ત્રણ પ્રકારે કરવામાં આવેછે. મનથી કોઈનું વિપરીત ચિંતવ્યું હોય વચનથી કોઇની સાથે કટુ વચન બોલવામાં આવ્યા હોય અને કાયાથી કોઇનું ક્રિયાવડે અનિષ્ટ કર્યું હોય, તે સર્વે અપરાધો ક્ષમાપન કરવાથી ટળી જાયછે આ ખમત ખામણાની પવિત્ર ક્રિયા કરવાથી પાપની શ્રેણી ઘણી ઓછી થઇ જાય છે. અને સંસારી જીવ પુણ્યના ઉદયની સન્મુખ થતો આવેછે. ત્રીજું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કૃત્ય ચૈત્ય પરિપાટી એટલે જિન ચૈત્યોના દર્શન કરવાનું છે પોતાના નગરમાં જેટલા જિન ચૈત્યો હોય તેમાં ત્રિકરણ શુદ્ધિએ દર્શન કરવા જવું જોઈએ આ ચૈત્યદર્શન બહિરંગ દૃષ્ટિથી કરવા ન જોઈએ પણ અંતરંગ દૃષ્ટિથી કરવા જોઇએ.

પ્રસન્ના—પ્રિયબેન, અંતરંગ દ્રષ્ટિના દર્શન કેવા હોય તે કૃપા કરી વિસ્તારથી જણાવો.

આનંદા—બેન પ્રસન્ના, એ દર્શનનું વર્ણન અનુભવ ગમ્ય છે, એટલે વાણીદ્વારા યથાર્થ કહી શકાય તેમ નથી, તથાપિ સંક્ષેપમાં કહેવાનું કે, પ્રભુની મનોહર પ્રતિમાને એક દ્રષ્ટિએ જોઇ તેમાં તલ્લીન થઈ જવું. આત્મિક ભાવને તેનામાં આરોપિત કરી દેવો. તદાકાર વૃત્તિએ તે પ્રતિમાનું નિરીક્ષણ કરવાથી દૃષ્ટાના હૃદયમાં અપૂર્વ આનંદ ઉદ્ભવે છે, તેમના ગુણોનું ચિંતવન થયા કરે છે. અને રોમોદ્ગમ થઈ આવે છે. આવા દર્શનથી તેનો દર્શન શુદ્ધિ રૂપ વાસ્તવિક હેતુ બરાબર સચવાય છે.

બેન આનંદા, શ્રી જિન પ્રતિમાના દર્શન માત્રથી ઘણાં ભવ્ય જીવોને શુદ્ધ સમ્યક્ત્વની પ્રાપ્તિ થયેલી છે. ભરતક્ષેત્રમાં સમુદ્રને કાંઠે આવેલા અનાર્ય દેશના આર્દ્રકપુરના રાજાના કુમાર આર્દ્રક કુમારનું દ્રષ્ટાંત ઘણું રમણીય છે. તેના પિતા આર્દ્રક રાજા શ્રેણિક રાજાનો મિત્ર હતો. એ રસિક કથા મેં મુનિ મહારાજાના વ્યાખ્યાનમાં વિસ્તારથી સાંભળેલી છે. પ્રિય બેન, કોઇ વખતે હું તને યથાર્થ કહી સંભળાવીશ.

પર્યુષણ પર્વનું ચોથું કૃત્ય સાધર્મિવાત્સલ્ય છે. આ પવિત્ર કૃત્યનો હેતુ ઘણો ગંભીર છે. પ્રિય બેન, આજ કાલ તેનો અર્થ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મિષ્ટાન્નથી સમાન ધર્મી ભાઈઓને ભોજન કરાવવું, એટલોજ લેવામાં આવે છે, પણ તેનો ખરો અર્થ સીદાતા સાધર્મી બંધુઓના કુટુંબને સહાય આપવાનો છે. આ પર્વને દિવસે અનાથ, દીન અને દુઃખી બંધુઓની સંભાળ લેવી, અને તેઓના ચિંતાતુર ચિત્તને સ્વસ્થ કરવા કે જેથી તેઓ નિવૃત્તિથી આ પર્વમાં ધર્મનું આરાધન કરી શકે. પર્યુષણનું પાંચમું કૃત્ય અષ્ટમ તપનું છે. સાગાર અને અનગાર બંને એ યથા શક્તિ અષ્ટમ તપની આ પર્વમાં આરાધના કરવી જોઈએ, પણ તે નિષ્કામ વૃત્તિથી કરવી જોઇએ. તે વિષે નાગકેતુનું દૃષ્ટાંત મનન કરવા યોગ્ય છે. જે મેં મુનિ મહારાજાના મુખથી કલ્પસૂત્રમાં સાંભળેલું છે. કદિ અષ્ટમ તપ કરવાની શારીરિક શક્તિ ન હોય તો પર્યુષણમાં છેવટે ત્રણ ઉપવાસ તો છુટા છુટા અવશ્ય કરવા જોઈએ. બેન પ્રસન્ના, એ પાંચ કૃત્યનું આચરણ મુખ્ય રીતે કરવાનું છે. તે શિવાય શ્રાવકોએ તથા શ્રાવિકાઓએ એ પર્વમાં પાંચ પ્રકારના આશ્રવનો અને કષાયનો રોધ કરવો જોઈએ.

**પ્રસન્ના**—બેન આનંદા, આશ્રવ અને કષાયવિષે મને સમજાવો

**આનંદા**—આશ્રવ પાંચ પ્રકારના છે. ૧ પ્રાણાતિપાત, ૨ મૃષાવાદ, ૩ અદત્તાદાન ૪ મૈથુન અને ૫ પરિગ્રહ એ પાંચ પ્રકારના આશ્રવનો રોધ એટલે ત્યાગ કરવો. પ્રાણાતિપાત એટલે બે ઇંદ્રિયાદિ ત્રસ જીવોની વિરાધના ન કરવી, એટલે પર્યુષણ પર્વમાં ખાંડવું, દળવું, વસ્ત્ર ધોવરાવવા વિગેરે હિંસાના કાર્ય છોડી દેવા. જો શક્તિ હોય તો તેલી, લુહાર, ભાંડભુંજા વિગેરેના આરંભને પણ દ્રવ્ય આપી નિવારવા, જૈન રાજાએ દેશ કે નગરમાં અમારી ઘોષણા કરાવવી. બીજા મૃષાવાદના આશ્રવના રોધમાં આ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પર્વની અંદર અસત્ય વચન તથા કોઇને ગાળો કે શાપ આપવા નહીં તેમજ મર્મવેધી કટુ વચનો બોલવાં નહીં. ત્રીજા અદત્તાદાનના આશ્રવમાં પરદ્રવ્યને ગ્રહણ કરવાની ઈચ્છા કરવી નહીં. કારણ કે, દ્રવ્ય એ પ્રાણીના બાહ્ય પ્રાણછે, તેનું હરણ કરવાથી પ્રાણીને મરણના જેવું કષ્ટ થાય છે. ચોથા આશ્રવમાં પર્યુષણ પર્વને વિષે શ્રાવક અને શ્રાવિકાએ બ્રહ્મચર્ય પાલવું. કોઈ જાતના વિષય વિકાર સેવવા નહીં. પાંચમાં પરિગ્રહમાં ધન ધાન્યાદિ નવ પ્રકારના પરિગ્રહનું પરિમાણ કરવું. વિશેષ તૃષ્ણા રાખવી નહીં. આ પર્વમાં તૃષ્ણા રહિત રહેવાથી ધર્મ સાધન સારી રીતે થઇ શકે છે.

બેન પ્રસન્ના, ક્રોધ, માન, માયા અને લોભ એ ચાર કષાયનો આ પર્વમાં ત્યાગ કરવો. આવા પવિત્ર પર્વમાં કષાય કરનાર શ્રાવક કે શ્રાવિકા અનિષ્ટ ફલ પ્રાપ્ત કરેછે. આપણ સ્ત્રી જાતિને તો વધારે સાવધાન રહેવાનું છે. પતિગૃહમાં કે પિતૃગૃહમાં રહેલી શ્રાવિકાઓ સ્ત્રી સ્વભાવને લઇ તત્તકાલ કષાયને આધીન થઈ જાયછે. જો કષાયનો ઉદય થયા કરે તો પર્યુષણ પર્વની આરાધના નિષ્ફલ થાયછે. બેન પ્રસન્ના તમે એક સાડીની ખાતર પતિને પજવવા વિચાર કર્યો તે કષાયનોજ હેતુ છે. હવેથી આ પર્વમાં તેમ કરશો નહીં. આ મહા પર્વનો મહિમા જેવો તેવો નથી. આ પર્વનો મહિમા કરવાને સુર અસુરના ઇંદ્રો એકઠા થઇ નંદીશ્વર દ્વીપમાં જાયછે. તે રમણીય દ્વીપમાં અંજનગિરિઓ અને તેનો પરિવાર મળી બાવન ગિરિઓ આવેલા છે. તે સર્વમાં બાવન જિનભુવન છે. દરેક જિનભુવનમાં એકસોને ચોવીશ જિનબિંબો છે, જેઓની કુલ સંખ્યા છ હજાર, ચારસો ને અડતાલીશની થાયછે. ત્યાં ઇંદ્રો દેવ અને દેવીઓના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પરિવાર સાથે પરિવૃત થઈ અષ્ટાહ્નિક મહોત્સવ કરેછે, જલ, ચંદન, પુષ્પ અને ધૂપાદિક અષ્ટ દ્રવ્યે કરી જિન પ્રતિમાની પૂજા કરેછે. તે પછી પ્રભુના ગુણનું યશોગાન, સ્તવન અને નાટક કરેછે. બેન પ્રસન્ના તે દેખાવ કેવો અદ્ભુત હશે ? તેનો ક્ષણવાર વિચાર કર. એ દિવ્ય પર્વની છાયા આપણા માનવ લોકમાં પડી છે, તેનો લાભ આપણે કેમ ન લઈએ? મહાન્ કૃપાલુ ભગવંત અર્હંત પ્રભુએ પ્રકાશિત કરેલા આ મહા પર્વમાં કયો શ્રાવક કે શ્રાવિકા પોતાના માનવ જન્મની કૃતાર્થતા નહીં કરે ?

આનંદાના આવા મધુર વચન સાંભલી શ્રાવક રમણી પ્રસન્ના ઘણો આનંદ પામી તેના ભવિ હૃદયમાં ઉત્તમ ભાવના પ્રગટ થઈ આવી, શરીર ઉપર રોમોદ્ગમ થઇ ગયો. તે આનંદના અશ્રુ લાવી બોલી, પ્રિયબેન, તેં આજે મારા ઉપર મોટો ઉપકાર કર્યોછે. મારા જેવી અજ્ઞાત શ્રાવિકાનો ઉદ્ધાર કર્યોછે. હવે પર્યુષણ પર્વનો પવિત્ર મહિમા મારા જાણવામાં આવ્યો. બેન, જો તમે આ વિષય વિષે શ્રાવિકા સમાજમાં ભાષણ આપો તો મારા જેવી ઘણી શ્રાવિકાઓનો ઉદ્ધાર થશે. ઘણી અજ્ઞાન શ્રાવિકાઓ આ પર્વનો મહિમા જુદી રીતે જાણેછે નવનવા શ્રૃંગાર ધરવામાં અને આમતેમ દોડ ધામ કરવામાં તેઓ આ પર્વના પવિત્ર દિવસો ગાળેછે, કદિ ઉપાશ્રયે ગુરૂ મહારાજાપાસે વ્યાખ્યાન સાંભલવા જાય તોપણ ત્યાં તેઓ જરા પણ ધ્યાન આપતી નથી; લોક કથા અને પરનિંદાની વાર્ત્તાઓ ત્યાંપણ કરેછે; અને તમારા જેવા પવિત્ર શ્રોતાઓને અંતરાય કરેછે. વ્યાખ્યાન શાલામાં મારા જેવી અધમ શ્રાવિકાઓના કોલાહલ થયા કરેછે અને તેને માટે બીચારા ભદ્રિક શ્રાવકો “ ઉપયોગ ઉપયોગ ” એવા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પોકાર કર્યા કરેછે. છતાં આપણે શાંતિથી ન સાંભળીએ, એ કેવી શરમની વાત ? બેન આનંદા, હવેથી હું કદિ પણ તેમ કરીશ નહિં, અને આ પવિત્ર પર્વનો મહાન્ લાભ સંપાદન કરવા પૂર્ણ રીતે પ્રયત્ન કરીશ.

આટલું કહી પ્રસન્ના આનંદાના પગમાં પડી અને બંને શ્રાવિકાપર્વના મહિમાના ગીત ગાતી ગાતી ગુરૂ મહારાજના દર્શન કરવાને ઉપાશ્રય પ્રત્યે ચાલી ગઇ.

# जीवननो उद्देश.

## ( धर्म प्राप्ति )

આ સુખ દુઃખમય જગતને વિષે જનસમૂહ સાધારણતઃ જે જીવન નિર્ગમન કરે છે તે એવા પ્રકારનું જણાય છે કે તેમાં તેઓની દ્રષ્ટિ સમીપે કંઈપણ નિશ્ચિત પ્રયોજન વા આશય રમી રહ્યા હોય એવું લાગતું નથી.—આવી સ્થિતિવાળાઓને વિદ્વદ્વર્ગ એક નૌકાની ઉપમાં આપેછે–તે એવીકે પ્રચંડ પવન અને ઉછળતાં જળ કલ્લોલ વચ્ચે અગાધ સમુદ્રને વિષે સ્વતઃ આમ તેમ અથડાતું છુટું મૂક્યું હોય. કોઈ પણ નિર્દિષ્ટ હેતુવાળા મનુષ્યો તો એક અમુક બંદરે જવાને માટે ઉપડેલા પ્રવહણની ગણનામાં આવેછે, કે જે ગમે તેવા સંક્ષોભ કે અક્ષોભને સમયે લેશ માત્ર ઉછાળો માર્યા સિવાય નિરંતર દૃષ્ટિ પથમાં ને દૃષ્ટિ પથમાંજ રહેછે. એક ચોકસ કલ્પના કે યોજના ઉપર કાર્ય વ્યાપાર કરવાથી આપણા સાધ્ય અર્થને મહાન્ લાભ પ્રાપ્તિનો સંભવ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આમાં એક નિશ્ચિત યોજનાની પ્રરૂપણા કરી–પણ તે પરથી એક ગમેતેવી (ક્ષુદ્ર) યોજના રાખીને બેસી રહેવાનું છે એમ નથી; તેનો પ્રકાર તો મહાન્ અગત્યતા ધરાવેછે. (કારણકે) જન સમાજને વિષે એવી અનેક વ્યક્તિઓ હયાત છે કે જેઓની સર્વ વસ્તુને પરાસ્ત કરનારી સાધ્ય દૃષ્ટિ છતાં, જીવનતો નિશ્ચયે સંપૂર્ણ પણે પ્રમાદમયજ કહેવાય;

આમ છે—એટલે કે જન વર્ગને એક નિશ્ચિત આશય હોવો જોઇએ, અને તેપણ ઉચ્ચ તથા ઉદાર–મહા અગત્યનો હોવો જોઈએ–ત્યારે ન્યૂનાધિક અગત્યતા ધરાવનારા આશયોમાંથી કયો સર્વોત્કૃષ્ટ છે તે તપાસીએ.

વૈભવ—અર્થ સંચય—માનપ્રતિષ્ઠા—આદિ જીવનના અનેક આશયોમાં સર્વથી શિખરીપદને પામેલો વૈભવ છે; કારણ કે સાધારણતઃ સર્વ વ્યક્તિનો એજ ઉદ્દેશ છે. આના બહુ વિધ પ્રકારો છે; એમાં સૌથી સાધારણ અને નિર્દોષ પ્રકાર "સુખેથી નિર્વાહ થાય અને નિવૃત્તિએ જીવન નિર્ગમાય" એવો ઉપાય શોધવાનો છે. કોઈ પ્રમાદમાં, કોઈ ક્રીડા વિલાસમાં તો કોઇ નિજ નિજ રૂચિઓને તૃપ્ત કરવામાં વૈભવ માનેછે.

**અર્થનો સંચય**—ધનની વૃદ્ધિ એ પણ અમુક વ્યક્તિઓમાં જીવનનો ઉદ્દેશ છે; કારણ કે એઓ એને એકની એક અગત્યની વસ્તુ તરીકે ગણેછે. આવા લોકો પ્રાતઃકાળે બહુ વહેલા નિંદ્રા ત્યજે છે, અને રાત્રી ઘણી વ્યતીત થયે નિદ્રાને આદર આપેછે—એમ અત્યંત અભિયુક્ત જીવન નિર્ગમન કરેછે–તે એમ સમજીને કે એમ કરવાથી પોતાને વિશેષ અર્થ પ્રાપ્તિ થશે. આ ઉપરાંત એઓને અન્ય કોઈ વિચાર વા ઈચ્છા પ્રવર્ત્તતી નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માનપ્રતિષ્ઠા—એ એ વળી અમુક—અમુક પણ ઉપર વર્ણવેલીથી અલ્પતર-વ્યક્તિનો, આ સંસારને વિષે જીવનનો હેતુ છે. માન મળે—પ્રતિષ્ઠા વધે—અને સૌ કોઈ પ્રશંશા કરી વાહવાહ બોલે એજ એમને લોભ છે—તૃષ્ણા છે. આ વસ્તુ પણ શોધનારાઓ ભિન્ન ભિન્ન માર્ગે શોધેછે. મૂર્ખ વર્ગ લગ્નાદિ પ્રસંગે દ્રવ્ય ઉડાવીને, તો, અન્ય અધિકારદ્વારા તે શોધેછે. સ્વલ્પ ભાગજ પોતાના વિદ્યાબળ કે જ્ઞાન શક્તિએ એ મેળવવાનો પ્રયાસ કરે છે.

પ્રિયવાચક ! પણ અત્યંત શોકાઙ્ગાર સહિત લખવું પડેછે કે એ અનુભવ સિદ્ધ વાત છે કે એ સર્વ—વૈભવ—અર્થસંચય—માન પ્રતિષ્ઠા આદિથી, જેને ખરેખરૂં સુખ કહેછે તેતો પ્રાપ્ત થતુંજ નથી; કારણકે

भिक्षाशनं तदपि नीरसमेकवारम् ।
शय्याच भूः परिजनो निज देहमात्रम् ।
वस्त्रं च जीर्ण शतखंड मयी च कंथा
हाहा तथापि विषयान परित्यजन्ति ॥

એમ વિષયો તો ત્યજતાજ નથી.

વળી—भोगा न भुक्ता वयमेव भुक्ता स्तपोन तप्तं वयमेव तप्ताः ।
कालोन यातो वयमेव याता स्तृष्णा न जीर्णावयमेव जीर्णाः॥

એમ તૃષ્ણાએ જીર્ણ થતી નથી.

તેમજ

भोगे रोग भयं कुले च्युति भयं वित्ते नृपालाद् भयम्
मौने दैन्य भयं बले रिपु भयं रुपे जराया भयम् ।
शास्त्रे वाद भयं गुणे खल भयं काये कृतान्ताद् भयम्
सर्वं वस्तु भयान्वितं भुविनृणां वैराग्यमेवाभयम् ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આમ ભોગાદિમાં પણ રોગનો ભય છે.

વળી આ છ ખંડ પૃથ્વીના સ્વામિત્વને પણ પ્રાપ્ત કરીને અંતે કર્મ વશ થઇ કાળ ધર્મ પામેલા સર્વ ચક્રવર્તીઓ—વાસુદેવો—પ્રતિ વાસુદેવો એ સર્વને દ્રવ્યનું દરદ નહોતું, અધિકાર ઓછો નહોતો, કળામાં કચાશ નહોતી, અને માનનું માપ નહોતું; છતાં પણ એમણે એ સુખને સુખ ગણ્યું નહોતું.—એને જીવનનો ઉદ્દેશ લેખ્યો નહોતો. એમણે તો સંસારની સર્વ સમૃદ્ધિનો અનુભવ લીધો હતો અને તે પરથી એમણે એની અસારતા જાણી હતી. તેથી એના વિનાશનો એમણે પશ્ચાતાપ કર્યો નહોતો. જેઓએ એ અનુભવ્યું નથી એઓજ એને અધિક માનેછે.

આમ આપણા જીવનની ઉપયુક્તતાનો વિચાર કરીએ છીએ તો અનુભવમાં શું શું આવે છે? શું આ જીવન એક નિષ્ફળ સ્વપ્નવત્ છે કે સ્થિર નિશ્ચયાત્મક વાસ્તવિક સત્ય છે? શું છે?

**नजाने संसारः किममृतमयः किं विषमयः ।**

એટલું તો સત્ય અંગીકાર કરવું પડશે કે આ જીવનમાં કેટલાંક વાના તો અવશ્યમેવ ધ્યાનમાં—દૃષ્ટિપથમાં રાખવાનાં છે. આપણે આપણા નિર્વાહને અર્થે સતત્ પ્રયાસ કરી અન્ન વસ્ત્રાદિનું ઉચિત સંવિધાન કરવું જોઇએ.—આપણા માનસ પ્રદેશમાં ઉપયોગી વ્યવહારૂ જ્ઞાન રૂપી બીજનો સંચય કરવો જોઇએ અને એવી અનેક વસ્તુઓ છે કે જેનું ન્યાયતઃ સેવન કરવું જોઇએ.

પણ એ બધા ( ઉદ્દેશ ) તો ગૌણ થયા.

ત્યારે મનુષ્ય જીવનનો એકનોએક મુખ્ય—પ્રધાન ઉદ્દેશ શો તે હવે વિચારીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વૈભવ—અર્થસંચય અને માનપ્રતિષ્ઠાને મુખ્ય ન ગણતાં ગૌણની ગણનામાં લેખવાનું શું કારણ—તે વાતનું નિરીક્ષણ કરતાં એ નિશ્ચયપર અવાય છે કે એ વસ્તુઓ સ્વતઃ અસ્થિર છે, નિશ્ચળ નથી. એ કારણને લઇને એ ગૌણ થઈ. માટે સ્થિર વસ્તુ શોધીએ તો એ શોધમાં **धर्मएकोऽहिनिश्चलः** એ છેવટ પામીએ છીએ; કારણકે

**चलालक्ष्मीश्चलाः प्राणाश्चलं जीवित यौवनम् ।**
**चलाचले च संसारे धर्म एकोहि निश्चलः ॥**

(**भर्तृहरिः**)

આમાં આપણે એ સિદ્ધાન્તરપર આવ્યા કે ધર્મ (પ્રાપ્ત કરવો) એ જીવનનો પ્રધાન ઉદ્દેશ છે. તો પ્રથમ આપણે ધર્મ એટલે શું એ સમજવાની જરૂરીઆત છે.

શાસ્ત્રોક્ત દશ દૃષ્ટાંતે દુર્લભ એવો મનુષ્યભવ આપણને પ્રાપ્ત થયો તો તેમાં આપણું વર્ત્તન એવા ઉચ્ચ પ્રકારનું હોવું જોઇએ કે પુનર્જન્મ ન થાય. પણ એતો અસંભવિત કહેવાય. એટલુંજ થાય તો બસછે કે પુનર્જન્મ થાય તેમાં મનુષ્ય દેહજ પ્રાપ્ત થાય—દુર્ગતિએ જવું ન પડે. એટલે કે દુર્ગતિએ જતાં આપણે અટકીએ—આપણને દુર્ગતિએ જતાં ધારણ કરી રાખે એવું કંઈ હોય તો તે બહુજ ઉત્તમ; એવી વંસ્તુ તેનેજ ધર્મ કહોછે. **जन्तूनदुर्गतौ पतन्तः धारयति इतिधर्मः ।**

આ પ્રમાણે ધર્મની વ્યાખ્યા કહી તે ધર્મ ઉત્કૃષ્ટ મંગળછે—સ્વર્ગ અને મોક્ષને આપનાર છે, અને સંસાર રૂપી વનને ઉલધન કરવામાં સહાયભૂત છે. માતાની પેઠે પોષણ કરનાર, પિતાની પેઠે રક્ષણ કરનાર, મિત્રની જેમ પ્રસન્ન કરનાર અને બંધુ સદૃશ સ્નેહ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રાખનાર એવો જે આ ધર્મ તેને પ્રાપ્ત કરવો એજ જીવનનો મુખ્ય ઉદ્દેશ છે. વળી ગુરૂની સમાન ઉજ્વળ ગુણોને વિષે આરૂઢ કરાવનાર અને સ્વામીની જેમ ઉત્કૃષ્ટ પ્રતિષ્ઠાને પ્રાપ્ત કરાવનાર—એજ ધર્મ—તેની પ્રાપ્તિ થવી એજ આપણા જીવિતનું સાફલ્ય છે. જીવને નૃપતિની પદવી અપાવનાર તે પણ ધર્મ, બળદેવ અર્ધચક્રવર્ત્તી ચક્રવર્ત્તી અને અનુક્રમે દેવ—ઇંદ્ર તથા પ્રાન્તે તીર્થંકર પદની પ્રાપ્તિ કરાવનાર—એયે ધર્મ.

આમ સર્વ પ્રકારની સિદ્ધિ જેનાથી હસ્તગત થઇ શકે છે એવી વસ્તુ તે ધર્મ, ધર્મ ને ધર્મજ છે. એ ધર્મની પ્રાપ્તિ એજ આ જીવનનો પ્રધાન ઉદ્દેશ છે. મોતીચંદ ઓધવજી—ભાવનગર.

# અસલ ફકીરી અથવા ખરી નિગ્રંથતા.

(લેખક મુનીગુણરાગી કર્પુર વિજયજી)

રાગ આશાવરી.

અવધૂ નિરપક્ષ વિરલા કોઈ, દેખ્યા જગ સહુ જોઈ. અવધૂ૦
સમરસ ભાવ ભલા ચિત્ત જાકે, થાપ ઉથાપ ન હોઈ;
અવિનાશી કે ઘરકી બાતાં, જાનેંગે નર સોઈ. અવધૂ૦ ૧
રાવ રંકમેં ભેદ ન જાને, કનક ઉપલ સમ લેખે;
નારી નાગણીકો નહીં પરિચય, તો શીવ મંદિર દેખે. અવધૂ૦ ૨
નિંદા સ્તુતિ શ્રવણ સુણીને, હર્ષ શોક નવિ આણે;
તે જગમેં જોગીસર પૂરા, નિત્ય ચઢતે ગુણ ઠાણે. અવધૂ૦ ૩
ચંદ્ર સમાન સૌમ્યતા જાકી, સાયર જેમ ગંભીરા;
અપ્રમત્ત ભારંડપરે નિત્ય, સુરગિરિ સમ શુચિ ધીરા. અવધૂ૦ ૪
પંકજ નામ ધરાય પંકશું, રહત કમળ જિમ ન્યારા;
ચિદાનંદ ઈસ્યા જન ઉત્તમ, સો સાહેબકા પ્યારા. અવધૂ૦ ૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉક્ત વિષય સંબંધે શ્રી ચિદાનંદજી મહારાજે ગાયેલું પદ્ય વાંચી આપણે તેના પરમાર્થ સંબંધી વિચાર–મનન કરવું ઘટે છે. સમ ભાવ ભાવિત આત્માજ તત્વથી નિગ્રંથ છે. તેવા પવિત્ર આત્માનેજ નિગ્રંથ પ્રવચન ( શુદ્ધ આગમ રહસ્ય ) સમ્યગ્ સમજાય છે, અને તેના સમ્યગ્ પરિણામ ( પરિણમન ) થી શુદ્ધ આચાર પણ તેઓજ સેવી શકે છે. બીજા બાહ્યાડંબરી તેમ સેવી શક્તા નથી. નિસ્પૃહપણાથી તેવા મહાશય, રાજા અને રંકને સમ ગણે છે, કનક ( સુવર્ણ ) અને પાષાણને સમાન લેખે છે. બહારથી સુકોમળ છતાં વક્રગતિ રાગાદિ ભાવ–વિષથી ભરપૂર ભામિનીને ભયંકર ભુજંગી તુલ્ય ગણે છે. આવા શુદ્ધાશયવાળા સંત જનોજ મુક્તિ મહેલમાં મ્હાલવાને પૂર્ણ અધિકારી છે. પરંતુ એથી ઉલટા તુચ્છ વિષય સુખના કામી થઈ–વિષયાંધ થઈ–એક દીનદાસની પેરે દીનતા દાખવનારા, અને એવાજ કલ્પિત સુખના કારણે ધોળી–પીળી માટી ( સોના રૂપા ) પર મમતા બાંધી બેઠેલા તથા પ્રગટ નરકના દ્વારભૂત નારીમાં રતિ–પ્રીતિ ધરાવનારા અધમ વેષવિડંબકો તો કોઈ રીતે અક્ષય શિવ સુખના અધિકારી નથીજ. અપૂર્ણ.

# વૃત્તાંત સંગ્રહ.

**વડિદીક્ષા**—ગયા અશાડ માસની શુકલ દ્વાદશીને દિવસે મહોપકારી **મુનિરાજશ્રી** હંસવિજયજી મહારાજે કચ્છ દેશની રાજધાની ભુજનગરમાં **મુનિ કુસુમવિજયજી**ને વડીદીક્ષા આપી હતી આ મહોત્સવમાં કચ્છી જૈન પ્રજાએ સારો ઉમંગ દર્શાવ્યો હતો સ્થાપના રૂપ નંદીમાં સુવર્ણ દ્રવ્ય અર્પણ કરવામાં આવ્યું હતું.

For Private And Personal Use Only